# ૧૩ સપ્ટેમ્બર –૨૦૧૬ (મંગળવાર)

**(૧) રિયો પેરાલિમ્પિકમાં ભારતને સિલ્વર મેડલ :**

– ભારતીય પેરા એથ્લીટ દિપા મલીકે રિયો પેરાલિમ્પિકમાં શોટપુટ એફ–૫૩માં સિલ્વર મેડલ જીતી ઇતિહાસ રચી દિધા છે.

– દિયા મલિક રિયો પેરાલિમ્પિક્સમાં મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા એથ્લિટ બની ગઈ છે.

– આ સિદ્ધિ બદલ હરિયાણા સરકારે દિપાને ૪ કરોડનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે તેમજ ભારતના રમત મંત્રાલય દ્વારા રૂા. ૫૦ લાખની ઇનામી રાશી આપવામાં આવશે.

– આમ, હવે રિયો પેરાલિમ્પિકમાં ભારતે ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને એક બ્રોન્જ એમ કુલ ૩ મેડલ મેળવ્યા છે.

**(૨) સાક્ષી મલિક –રેસલર :**

– રિયો ઓલિમપીકમાં ભારતને પ્રથમ મેડલ અપાવનાર રેસલર સાક્ષી મલીક યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગ (uww) દ્વારા જાહેર કરાયેલી વર્લ્ડ રેન્કિંગમાં ટોપ–ફાઇવમાં સામેલ થઇ છે.

– સાક્ષી ૫૮ કિગ્રા વજન વર્ગમાં કારકીર્દિના ટોંચના સ્થાને પહોંચી ચોથા ક્રમે પહોંચી ગઇ છે.

**(૩) અરૂણચાલ પ્રદેશના રાજ્યપાલ :–**

– કેન્દ્ર દ્વારા અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ જ્યોતિપ્રસાદ રાજખોવાને પદ પરથી મુક્ત કરી દેવાયા.

– કાયમી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ દ્વારા મેઘાલયના રાજ્યપાલ વી. શણમુનથનને અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલનો વધરાનો કાર્યભાર સંભાળવા જણાવ્યું છે.

**(૪) ટપાલની ફરિયાદ માટે નવો ટોલ ફ્રી નંબર – ૧૯૨૪**

– સરકારે ટપાલ અંગેની ફરિયાદો નોંધાવવા માટે ટોલ ફ્રી નંબર ૧૯૨૪ જાહેર કર્યો.

– સંદેશા વ્યવહાર પ્રધાન – મનોજ સિંહા

**(૫) રશિયા – પાકિસ્તાન યુધ્ધાભ્યાસ**

– આ વર્ષના અંતભાગમાં રશિયા અને પાકિસ્તાન પોતાની પ્રથમ સંયુક્ત લશ્કરી કવાયત કરશે.

– આ સંયુક્ત લશ્કરી કવાયતને ફ્રેન્ડશીપ–૨૦૧૬' નામ આપવામાં આવ્યું છે. જેમાં બંને દેશોના ૨૦૦ જેટલા સૈનિકો ભાગ લેશે.

**પ્રશ્નો**

(૧) રિયો પેરાલિમ્પિકમાં કયા ભારતીય પેરા એથ્લિટે સિલ્વર મેડલ જીત્યો ?
– દિપા મલીક

(૨) કઈ ઇવેન્ટમાં દિપા મલીકે સિલ્વર મેડલ જીત્યો ?
– શોટપુટ – એફ૫૩

(૩) દિપા મલીક કયાં રાજ્યની વતની છે ?
– હરિયાણા

(૪) હરિયાણા સરકારે દિપા મલીકને કેટલા ઇનામની જાહેરાત કરી ?
– ૪ કરોડ રૂા

(૫) ભારત સરકારના રમત મંત્રાલય દ્વારા દિપા મલીકને કેટલું ઇનામ આપવામાં આવશે ?
– ૫૦ લાખ રૂા.

(૬) સપ્ટેમ્બર ૨૦૧૬માં જાહેર કરાયેલ ના રેન્કિંગ મુજબ ભારતીય રેસલર સાક્ષી મલીકનો ક્રમ જણાવો.
– ચોથો

(૭) સાક્ષી મલીકે કેટલા કિગ્રા વજન વર્ગમાં રિયો ઓલિમ્પિકમાં બ્રોન્જ જીત્યો હતો ?
– ૫૮

(૮) ટપાલની ફરિયાદ માટે સરકાર દ્વારા કયો ટોલફ્રી નંબર ?
– ૧૯૨૪

(૯) વર્ષ ૨૦૧૬ના અંત:ભાગમાં કયાં બે દેશ પ્રથમ વખત યુદ્ધઅભ્યાસ કરશે ?
– રશિયા – પાકિસ્તાન

(૧૦) રશિયાઅ પાકિસ્તાન યુદ્ધ કવાયતને શું નામ અપાયું ?
– 'ફ્રેન્ડશીપ–૨૦૧૬)

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧